# આકાશવાણી, ભુજ

## સમાચાર વાચક : શિતલ વૈશ્નવ

## કોમ્પ્યુટરાઈઝડ : આશિષ શાહ

**તા. ૧૧–૧૨–૨૦૨૪** **સમય : સાંજે ૬.૨૫**

---

### મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ સરકારના બે વર્ષ :

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકારના શાસનના આવતીકાલે બે વર્ષ પૂર્ણ થઇ રહ્યાં છે.. ભૂપેન્દ્ર પટેલે 12મી ડિસેમ્બર 2022ના રોજ રાજ્યની ધૂરા સંભાળી હતી.. વિકસિત ગુજરાતની દિશા નિશ્ચિત કરતા 'જ્ઞાન' આધારિત કાર્યક્રમો યોજાશે. આ ઉજવણી વિવિધ સેવાકીય કાર્યક્રમો સાથે કરવામાં આવશે. અમદાવાદમાં શ્રમિક અન્નપૂર્ણાના કેન્દ્રના ઉદઘાટન સાથે આ કાર્યક્રમોનો આવતીકાલથી પ્રારંભ થશે.

**રીજીયોનલ**

---

### રાજય દિવ્યાંગજન આયુકત :

ગુજરાતમાં દિવ્યાંગ વ્યક્તિઓ માટેના કમિશનરની કચેરીને રાષ્ટ્રપતિ દ્રૌપદી મૂર્મૂના હસ્તે સર્વશ્રેષ્ઠ 'રાજ્ય દિવ્યાંગજન આયુક્ત' વર્ષ ૨૦૨૪ એવોર્ડ એનાયત કરાયો હતો.

ગુજરાતમાં દિવ્યાંગજનોના અધિકાર અધિનિયમ ૨૦૧૬ના ઉત્કૃષ્ઠ અમલીકરણ માટે આ એવોર્ડ એનાયત થયો દિવ્યાંગ વ્યક્તિઓ માટેના કમિશનર વી. જે. રાજપૂતે આ એવોર્ડ સ્વીકાર્યો હતો..

દિવ્યાંગ વ્યક્તિઓ માટેના કમિશનરની કચેરી દિવ્યાંગ વ્યક્તિઓ માટે 'ડિમ્ડ સિવિલ કોર્ટ' તરીકે કામ કરે છે. દિવ્યાંગ વ્યક્તિઓની સુવિધા માટેની આ કોર્ટ દ્વારા ઓફલાઈન તેમજ ઓનલાઇન એમ બંને રીતે કેસની સુનાવણી હાથ ધરવામાં આવે છે. આ કચેરી દ્વારા છેલ્લાં પાંચ વર્ષમાં કુલ ૧ હજાર ૯૬ કેસનો નિકાલ કરવામાં આવ્યો હોવાની માહિતી કમિશ્નર વી.કે.રાજપૂતે આપી હતી.

**રીજીયોનલ**

---

## ગીતા જયંતિની ઉજવણી :

આજે ગીતા જયંતિ નાં પર્વ ની શ્રધ્ધા પૂર્વક ઉજવણી થઇ રહી છે. માગશર સુદ અગિયારસ નું પર્વ ગીતા જયંતી તરીકે ઉજવાય છે મહાભારત નાં યુદ્ધ ના આરંભ પૂર્વે ભગવાન શ્રી કૃષ્ણે અર્જુન ને રણ મેદાન પર ગીતા નું જ્ઞાન આપ્યું હતું આજે જિલ્લા માં વિવિધ સ્થળે ગીતા પૂજન અને પઠન નાં કાર્યક્રમો યોજાશે

દરમ્યાન ભુજ માં ગીતા જયંતિ મહોત્સવ ના ભાગ રૂપે દક્ષિણા મૂર્તિ ટ્રસ્ટ આર્ષ અધ્યયન કેન્દ્ર અને સનાતન હિન્દુ સમાજ દ્વારા હનુમંત કથા યોજાઈ રહી છે ગયા રવિવાર થી શરૂ થયેલ મહોત્સવ દરમ્યાન વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાઈ રહ્યા છે જેનું આવતીકાલ 12 મી એ સમાપન થશે

દરમ્યાન ભુજ ખાતેના શ્રીમદ ભગવત ગીતાજી કેન્દ્રને ૪૦ વર્ષ પૂર્ણ થવા નિમિતે સંપૂર્ણ ગીતાજી પરીક્ષામાં ૪૧ જેટલા પરીક્ષાર્થિઓએ ભાગ લીધો હતો. ભુજ ગીતા કેન્દ્ર ખાતે આ માટેના વર્ગો શરૂ થયેલ છે.ગુજરાત વિદ્યાપીઠ ગીતાજી પઠન, પારિતોષિક પરીક્ષા દર વર્ષે ગીતા જયંતિના દિને લેવાય છે. કેન્દ્રમાં છેલ્લા ૪૦ વર્ષમાં ૬૦૦૦૦ વિદ્યાર્થિઓએ પરીક્ષા આપી છે.

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે ગીતા જયંતિ નિમિત્તે દેશવાસીઓને શુભેચ્છાઓ પાઠવી છે. સોશિયલ મીડિયાના એક સંદેશમાં શ્રી મોદીએ લખ્યુ કે, આ પાવન પર્વને ભારતીય સંસ્કૃતિ, આધ્યાત્મ અને પરંપરાનું માર્ગદર્શન કરનારા ગ્રંથની જયંતિ તરીકે ઉજવવામાં આવે છે. પ્રધાનમંત્રીએ ભગવાન શ્રીકૃષ્ણને યાદ કર્યા. તેમજ શ્રીમદ્ ભગવદ્ ગીતા તમામ લોકોને કર્મયોગનો માર્ગ બતાવશે તેવી આશા વ્યક્ત કરી હતી.**

**ન્યુઝ પેપર**

---

## પોલીયો અભિયાન :

સઘન પલ્સ પોલિયો અભિયાન અંતર્ગત રવિવારે ઝુંબેશ દરમિયાન કામગીરી થયા પછી સોમ અને મંગળવારે આરોગ્ય વિભાગની ટીમોં દ્વારા ઘરોઘર ફરી કામગીરી કરાઇ હતી. શહેર , ગ્રામ્ય અને વાડી વિસ્તારમાં પોલિયોના બે ટીપાંથી વંચિત રહી ગયેલા બાળકોને ટીપાં પીવડાવવામાં આવ્યા હતા.

મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી મિતેષ ભંડેરીએ જણાવ્યું કે ,જિલ્લામાં 3 લાખ 17 હજાર 650 બાળકોને આવરી લેવામાં આવ્યા છે.કુલ 5800 કર્મચારીઓની 2900 ટીમ દ્વારા બે દિવસ દરમ્યાન 4 લાખ 73 હજાર ઘરોની મુલાકાત લેવાઇ હતી. જિલ્લામાં 0 થી 5 વર્ષનું એકપણ બાળક પોલીયોના ટીપાંથી વંચિત ન રહે તે પ્રમાણેનું આયોજન ગોઠવાયુ હતું..

**રીજીયોનલ**

---

## કચ્છ યુનિવર્સીટી પદવિદાન સમારોહ :

**ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણવર્મા કચ્છ યુનિવર્સીટી ખાતે આગામી ૧૮મી ડીસેમ્બરે ૧૪મો પદવિદાન સમારંભ રાજયપાલ આચાર્ય દેવવ્રતની અઘ્યક્ષતામાં યોજાશે. ૩૮ વિદ્યાર્થિઓને સુવર્ણ ચંદ્રક સહિત ૫૫૩૦ છાત્રોને પદવી આપવામાં આવશે. સાથે સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાશે.**

**ન્યુઝ પેપર**

---

## હવામાન :

જિલ્લામાં ગાત્રો થીજવતી ઠંડીઅનુભવાઈ રહી છે. છેલ્લા બે દિવસથી બર્ફીલા પવન ફૂંકાતાં જનજીવન પ્રભાવિત જોવા મળી રહ્યું છે. લોકો ઠંડીથી રક્ષણ મેળવવા માટે તાપણા અને ગરમ કપડાંનો સહારો લેતા જોવા મળી રહ્યા છે. છેલ્લા ચોવીસ કલાક દરમિયાન સમગ્ર રાજ્યમાં સિઝનનું સૌથી ઓછું 5 ડિગ્રી તાપમાન નલિયામાં નોંધાયું છે.

**રીજીયોનલ**

---

---